**અસ્વીકરણ:** સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઇ શકશે નહિ. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્ધેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

**DISCLAIMER:** The translated judgment in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/ her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgment shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.

==================================================

**અમદાવાદ ખાતેની ગુજરાતની વડી અદાલતમાં**

**આર/પ્રથમ અપીલ નં. ૧૭૭૪/૨૦૨૦**

**સાથે**

**સિવિલ અરજી (સ્ટે માટે) નં. ૧/૨૦૨૦**

**આર/પ્રથમ અપીલ નં. ૧૭૭૪/૨૦૨૦ માં**

**મંજૂરી અને સહી માટે:**

**માનનીય ન્યાયમૂર્તિ શ્રી જે.બી.પારડીવાલા** **સહી/-**

**અને**

**માનનીય ન્યાયમૂર્તિ શ્રી વૈભવી ડી. નાણાવટી** **સહી/-**

==================================================

| | | |
|---|---|---|
| ૧ | શું સ્થાનિક અખબારોના પત્રકારોને ચુકાદો જોવાની મંજૂરી આપવામાં આવે છે? | હા |
| ૨ | પત્રકારને મોકલવામાં આવે કે નહીં? | હા |
| ૩ | શું ન્યાયમૂર્તિશ્રીઓ ચુકાદાની યોગ્ય નકલ જોવા માંગે છે? | ના |
| ૪ | શું આ કેસમાં ભારતના બંધારણના અર્થઘટન અથવા તે હેઠળ | ના |

| | | |
|---|---|---|
| | કરવામાં આવેલા કોઈ પણ આદેશ અંગે કાયદાના નોંધપાત્ર પ્રશ્નનો સમાવેશ થાય છે? | |
| અધિનસ્થ ન્યાયતંત્રમાં આ ચૂકાદાનો પરિપત્ર કરો | | |

=====================================================

**બારડોલી શ્રીરંગ એક્ઝિબિટર્સ પ્રાઈવેટ લિમિટેડ**

**વિરૂદ્ધ**

**મહેશભાઈ બાબુભાઈ હિરપરા**

=====================================================

**ઉપસ્થિતિ:**

અપીલકર્તા તરફે વરિષ્ઠ એડવોકેટ શ્રી આર.આર.માર્શલ સાથે એડવોકેટ શ્રી અર્પિત એ.કાપડિયા.

સામાવાળા નં. ૧, ૨, ૩, ૪, ૭ તરફે શ્રી કાર્તિકકુમાર કે.જોશી

સામાવાળા નં. ૭.૧ તરફે એડવોકેટ શ્રી જય એસ.શાહ

સામાવાળા નં. ૫–૬ તરફે વરિષ્ઠ એડવોકેટ શ્રી અંશિન દેસાઈ સાથે એડવોકેટ શ્રી નિસર્ગ પી.રાવલ.

**કોરમ: માનનીય ન્યાયમૂર્તિ શ્રી જે.બી.પારડીવાલા**

**અને**

## માનનીય ન્યાયમૂર્તિ શ્રી વૈભવી ડી. નાણાવટી

## તારીખ: ૨૮/૦૯/૨૦૨૧

## સી.એ.વી. ચૂકાદો

## (દ્વારા: માનનીય ન્યાયમૂર્તિ શ્રી જે.બી.પારડીવાલા)

૧. સિવિલ પ્રોસિજર કોડના ઓર્ડર ૭ રૂલ ૧૧(એ) અને (ડી) ની જોગવાઈઓ હેઠળ અનુક્રમે પ્લાઈન્ટ (દાવાઅરજી) રદ કરતો નીચલી અદાલત દ્વારા પસાર કરવામાં આવેલો આક્ષેપિત હુકમ ૬૭ પૃષ્ઠોમાં ચાલે છે. અમને આશ્ચર્ય થાય છે કે પ્રિસાઈડિંગ ઓફિસરને ગુણદોષ પર દાવો નિકાલ કરતો પૂર્ણ કદનો ચૂકાદો ડિક્ટેટ કરવામાં કેટલા પૃષ્ઠો લાગ્યા હોત. સી.પી.સી. ના ઓર્ડર ૭ રૂલ ૧૧ ની જોગવાઈઓ હેઠળની અરજીઓનો નિર્ણય કરતી વખતે નીચલી અદાલતો દ્વારા વારંવાર એ જ ભુલો કેમ કરવામાં આવી રહી છે તે અમે સમજી શકતા નથી. નીચલી અદાલતો કાયદા અનુસાર યોગ્ય હુકમ પસાર કરતા પહેલાં પોતાનું મન લગાવવા કેમ તૈયાર નથી? આ જ બેંચે હાલની બેઠકના છેલ્લા ચાર મહિનામાં સી.પી.સી. ના ઓર્ડર ૭ રૂલ ૧૧ ની જોગવાઈઓનો સાચો આશય અને વ્યાપ સમજાવતા ૨૫ થી ઓછા નહીં તેટલા હુકમો પસાર કર્યા જ હશે, પરંતુ બધું નકામું ગયું છે. હવે અમે એવી છાપ એકઠી કરવાનું શરૂ કર્યું છે કે માત્ર યોગ્ય પોઈન્ટ્સ મેળવવાના હેતુથી જ યાંત્રિક રીતે પ્લાઈન્ટ રદ કરવામાં આવી રહ્યા છે, કારણ કે દાવાઅરજી રદ કરવી એ સમગ્ર દાવો નિકાલ કરવા જેટલું જ સારું છે.

અમે આશા રાખીએ છીએ કે અમારા મનમાં આવી છાપ ભૂલભરેલી છે અને સાચી નથી.

૨. આ અપીલ મૂળ વાદીના આગ્રહ પર છે અને તે અપીલકર્તા દ્વારા સંસ્થિત સ્પેશિયલ સિવિલ સુટ નં. ૫૦/૨૦૧૪ માં આંક ૧૪૨ નીચે ચોથા એડિશનલ સીનિયર સિવિલ જજ, નવસારી દ્વારા પસાર કરાયેલ તારીખ ૨૧/૦૩/૨૦૨૦ ના ચૂકાદા અને હુકમ સામે નિર્દેશિત છે, જેના દ્વારા નીચલી અદાલતે મુખ્યત્વે એવા ગ્રાઉન્ડ પર પ્લાઈન્ટ રદ કરી હતી કે વાદી દ્વારા સંસ્થિત દાવો કારણ દર્શાવવામાં નિષ્ફળ જાય છે અને દાવો અન્યથા પણ સમયમર્યાદા બહાર છે.

૩. આ અપીલને જન્મ આપતી હકીકતોનો સારાંશ નીચે મુજબ આપી શકાય:

૪. અનુકૂળતા ખાતર, આમાંના અપીલકર્તાને મૂળ વાદી તરીકે સંબોધવામાં આવશે અને આમાંના સામાવાળાઓને મૂળ પ્રતિવાદીઓ તરીકે સંબોધવામાં આવશે.

૫. વાદી દ્વારા સંસ્થિત સ્પેશિયલ સિવિલ સુટ નં. ૫૦/૨૦૧૪ એ ગુજરાત રાજ્યના નવસારી શહેરમાં આવેલા સિનેમા થિયેટરના રૂપમાં તેના પરના બાંધકામ સાથેના જમીનના એક ટુકડાને સબંધિત છે.

૬. વાદી કંપની એક્ટ હેઠળ નોંધાયેલી કંપની છે. મેસર્સ નાટરાજ થિયેટર નામના નામવાળી ભાગીદારી પેઢી વર્ષ ૧૯૭૧ માં અસ્તિત્વમાં આવી હતી. તારીખ ૨૬/૦૫/૧૯૯૪ ના રોજ, સદર ભાગીદારીની પુનર્રચના કરવામાં આવી હતી અને તેમાં સોળ ભાગીદારોનો સમાવેશ થતો હતો. દાવાગ્રસ્ત મિલકત સદર ભાગીદારી પેઢીની માલિકીની હતી અને તેણે સદર થિયેટરમાં ફિલ્મો પ્રદર્શિત કરવાનો વ્યવસાય કર્યો હતો. વાદીનો કેસ એવો છે કે વર્ષ ૧૯૯૫ માં નાણાકીય મુશ્કેલીઓના કારણે પેઢીના તમામ સોળ ભાગીદારો ભાગીદારી પેઢીમાંના પોતાના હિસ્સા તેમજ દાવાગ્રસ્ત મિલકત તારીખ ૦૭/૧૦/૧૯૯૭ ના રોજ વાદી કંપની, એટલે કે બારડોલી શ્રીરંગ એક્ઝિબિટર્સની તરફેણમાં ટ્રાન્સફર કરવા સંમત થયા હતા. પેઢીના પાંચ ભાગીદારોએ વાદી કંપનીની તરફેણમાં દાવાગ્રસ્ત મિલકતમાંના પોતાના હિસ્સા વેચવાનો બાનાખત કરાર કર્યો હતો. વધુ નવ ભાગીદારો અને પાછળથી બાકીના બે ભાગીદારોએ પણ વાદી કંપનીની તરફેણમાં સમાન કરારો કર્યા હતા. વાદીનો કેસ વધુમાં એવો છે કે તારીખ ૨૦/૦૩/૧૯૯૮ ના રોજ, પેઢીના તમામ સોળ ભાગીદારોએ વાદી કંપનીની તરફેણમાં સંયુક્ત રીતે નોટરાઇઝ્ડ કન્ફર્મેશન ડીડ રજૂ કર્યું હતું અને મે અને જુલાઈ ૧૯૯૮ વચ્ચેના સમયગાળા દરમિયાન કંપનીની તરફેણમાં દાવાગ્રસ્ત મિલકત વેચવાનો કરાર કર્યો હોવાનું સ્વીકાર્યું હતું. સોળમાંથી અગિયાર ભાગીદારોએ વાદી કંપનીની તરફેણમાં વેચાણ દસ્તાવેજ નિષ્પાદિત કર્યો હતો, જેમાં દાવાગ્રસ્ત મિલકતમાંનો પોતાનો હિસ્સો તે જ કંપનીની તરફેણમાં ટ્રાન્સફર

કર્યો હતો. વાદીના જણાવ્યા મુજબ, આમ સદર વેચાણ દસ્તાવેજના આધારે દાવાગ્રસ્ત મિલકતનો ૭૦% હિસ્સો વાદી કંપનીની તરફેણમાં ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો.

૭. વાદી બારડોલી શ્રીરંગ એક્ઝિબિટર્સ દ્વારા મિલકત વેચવાના કરારના ચોક્કસ અમલ ની માંગણી કરતા બાકીના પાંચ ભાગીદારો સામે સિવિલ સુટ પણ દાખલ કરવામાં આવ્યો હોવાનું કહેવાય છે. આવો દાવો પેન્ડિંગ હોવાનું દર્શાવવામાં આવ્યું છે. પાંચ ભાગીદારો, એટલે કે હીરાલાલ ધનસુખલાલ, હરીલાલ ધનસુખલાલ, મનોહરલાલ ધનસુખલાલ, સાકરલાલ ધનસુખલાલ અને ધીરજલાલ ધનસુખલાલ, જેમણે વાદી કંપનીની તરફેણમાં વેચાણ દસ્તાવેજ નિષ્પાદિત કર્યો ન હતો અને જેમની સામે ચોક્કસ અમલ માટેનો સદર દાવો સંસ્થિત કરવામાં આવ્યો હતો, તેમણે તારીખ ૨૯/૦૬/૧૯૯૮ ના રોજ બે ભાઈઓ, અનુક્રમે મુકેશ રમણલાલ નાયક અને પ્રદીપ રમણલાલ નાયકની તરફેણમાં પોતાના હકો એસાઈન કર્યા હતા. બે ભાઈઓ, આવા એસાઈનમેન્ટના આધારે, સિનેમા વ્યવસાય પર નિયંત્રણ મેળવવાનો પ્રયાસ કરી રહ્યા હતા. આવી પરિસ્થિતિઓમાં, વાદી કંપનીએ રેગ્યુલર સિવિલ સુટ નં. ૧૧૬/૧૯૯૮ દાખલ કર્યો. આવા દાવામાં, તેમણે વચગાળાના મનાઈહુકમ માટે પણ વિનંતી કરી હતી. વચગાળાના મનાઈહુકમ માટેની અરજી તારીખ ૨૫/૦૯/૧૯૯૮ ના હુકમથી રદ કરવામાં આવી હતી. જોકે, ડિસ્ટ્રિક્ટ કોર્ટે તારીખ ૧૯/૧૨/૧૯૯૮

ના હુકમથી અપીલ મંજૂર કરી હતી. આવો હુકમ હાઇકોર્ટ દ્વારા રિવિઝનમાં સમર્થિત કરવામાં આવ્યો હતો.

૮. ઉપર નામાંકિત પાંચ ભાગીદારો, જેમણે બારડોલી શ્રીરંગ એક્ઝિબિટર્સની તરફેણમાં કોઈ વેચાણ દસ્તાવેજ નિષ્પાદિત કર્યો ન હતો અને તેમના બે એસાઇનીઓ (અંતરિતો), એટલે કે મુકેશ રમણલાલ નાયક અને પ્રદીપ રમણલાલ નાયકે, સિવિલ જજ, નવસારીની અદાલત સમક્ષ નાટરાજ થિયેટર, તેના ડિરેક્ટરો અને ભાગીદારો સામે ભાગીદારી પેઢીના હિસાબો લેવા સહિતની બહુવિધ પ્રાથનાઓ સાથે સ્પેશિયલ સિવિલ સુટ નં. ૧૯/૧૯૯૯ સંસ્થિત કર્યો હતો. રાહતોમાંથી એક રાહત બાકીના અગિયાર ભાગીદારોને દાવાગ્રસ્ત જગ્યામાં પ્રવેશતા અને વ્યવસાય ચલાવતા રોકવાના મનાઈહુકમ માટેની હતી.

૯. ટ્રાયલ કોર્ટે આવો મનાઈહુકમ આપ્યો અને આમ તેમાંના વાદી, પાંચ ભાગીદારો અને તેમના એસાઇનીઓને ભાગીદારી વ્યવસાયના નિયંત્રણમાં મૂક્યા. બાકીના અગિયારમાંથી કેટલાક નારાજ ભાગીદારોએ અપીલ ફ્રોમ ઓર્ડર નં. ૪૧૩/૧૯૯૯ દાખલ કરીને હાઇકોર્ટ સમક્ષ આવા હુકમને પડકાર્યો હતો. હાઇકોર્ટે એઆઇઆર ૨૦૦૦ Guj ૮૦ માં રિપોર્ટ થયેલા ચૂકાદા દ્વારા અપીલ મંજૂર કરી હતી અને એસાઇનીઓને ભાગીદારી પેઢીમાં દખલ કરતા રોક્યા હતા અને તમામ સોળ ભાગીદારોના વ્યવસાય ચલાવવાના હકને માન્યતા આપી

હતી. મામલો સુપ્રીમ કોર્ટમાં લઈ જવામાં આવ્યો હતો. સુપ્રીમ કોર્ટે એક ફોર્મ્યુલા પૂરી પાડી હતી જેના હેઠળ ટ્રાયલ કોર્ટ સમક્ષ દર મહિને રૂ. ૧ લાખની રકમ જમા કરાવવાની શરતે એસાઇનીઓને વ્યવસાય ચલાવવાની મંજૂરી આપવામાં આવી હતી. વાદી કંપનીને જામીનગીરી આપ્યા વિના સદર રકમના ૭૦% ઉપાડવાની મંજૂરી આપવામાં આવી હતી. જો એસાઇનીઓ દ્વારા કોઈ ક્ષતિ થાય, તો વાદી કંપની સુધારા માટે ટ્રાયલ કોર્ટમાં જવા માટે હકદાર રહેશે. સદર એસાઇનીઓ નિર્દેશિત રકમ જમા કરવામાં નિષ્ફળ ગયા હોવાના આધારે, ટ્રાયલ કોર્ટ સમક્ષ યોગ્ય અરજી કરવામાં આવી હતી અને તારીખ ૩૦/૦૮/૨૦૦૧ ના હુકમ દ્વારા મંજૂર પણ કરવામાં આવી હતી. ટ્રાયલ કોર્ટે હાઇકોર્ટના હુકમને પુનઃસ્થાપિત કર્યો. અંતે, દાવો પોતે જ પાછો ખેંચી લેવામાં આવ્યો હતો. અનુક્રમે તારીખ ૧૮/૦૯/૨૦૧૦ અને ૧૮/૦૩/૨૦૧૧ ના રોજ, સદર મુકેશ રમણલાલ નાયક અને પ્રદીપ રમણલાલ નાયકે એસાઇનીઓ તરીકે, આમાંના પ્રતિવાદીઓની તરફેણમાં વેચાણ-દસ્તાવેજો નિષ્પાદિત કર્યા હતા. આવી પરિસ્થિતિઓમાં, વાદીએ તારીખ ૧૫/૦૭/૨૦૧૪ ના રોજ કે તેની આસપાસ સ્પેશિયલ સિવિલ સુટ નં. ૫૦/૨૦૧૪ સંસ્થિત કર્યો, જેમાં સદર વેચાણ દસ્તાવેજો ગેરકાયદેસર, ગેરચલાઉ અને શરૂઆતથી જ રદબાતલ હોવાની જાહેરનામું માંગવામાં આવી હતી અને વધુ જાહેરનામું માંગવામાં આવ્યું હતું કે આવા વેચાણ દસ્તાવેજો હેઠળ સો-કોલ્ડ ખરીદદારો દાવાગ્રસ્ત મિલકતોમાં કોઈ હક, ટાઇટલ કે હિત મેળવશે નહીં.

૧૦. વાદીએ એવી પણ વિનંતી કરી હતી કે આવા વેચાણ દસ્તાવેજોના આધારે પ્રતિવાદીને દાવાગ્રસ્ત મિલકતો પર કોઈ બાંધકામ કરવાનો કે હાલના બાંધકામમાં કોઈ ફેરફાર કરવાનો કોઈ હક રહેશે નહીં. આમાંના વાદીએ આંક ૫ ની અરજી પણ દાખલ કરી હતી અને મનાઈહુકમ માટે વિનંતી કરી હતી. આવી અરજી નીચલી અદાલત દ્વારા અંશતઃ મંજૂર કરવામાં આવી હતી અને આમાંના પ્રતિવાદીઓને દાવો પેન્ડિંગ હોય ત્યાં સુધી વિવાદાસ્પદ મિલકત પર કોઈ બાંધકામ કરવાથી અને કોઈપણ રીતે કોઈને પણ તે ટ્રાન્સફર કરવાથી રોકવામાં આવ્યા હતા. આંક ૫ ની અરજી પર પસાર કરાયેલા આવા હુકમને પ્રતિવાદી દ્વારા હાઈકોર્ટમાં અપીલ ફ્રોમ ઓર્ડર નં. ૧૬૧/૨૦૧૫ દ્વારા પડકારવામાં આવ્યો હતો. અપીલ ફ્રોમ ઓર્ડર તારીખ ૨૯/૦૬/૨૦૧૫ ના હુકમથી રદ કરવામાં આવી હતી.

૧૧. આ કોર્ટના એક વિદ્વાન સિંગલ જજે, અપીલ ફ્રોમ ઓર્ડર રદ કરતી વખતે, નીચે મુજબ અવલોકન કર્યું હતું:

> "૫. આમ પક્ષકારોના વિદ્વાન કૌન્સેલને સાંભળ્યા પછી અને રેકોર્ડ પરના દસ્તાવેજોની સમીક્ષા કર્યા પછી, એ સામે આવશે કે પેઢીના ૧૬ માંથી ૧૧ ભાગીદારોએ બારડોલી શ્રીરંગ એક્ઝિબિટર્સ, વાદીની તરફેણમાં વેચાણ દસ્તાવેજો નિષ્પાદિત કર્યા હતા, જેમાં પેઢીમાં આશરે ૭૦% હિસ્સો

સમાવિષ્ટ હતો. પ્રતિવાદીઓ, હાલના અપીલકર્તાઓની તરફેણમાં ૨ એસાઇનીઓ દ્વારા નિષ્પાદિત કરવામાં આવેલા પશ્ચાતવર્તી વેચાણની કાયદેસરતાના પ્રશ્નમાં જવું પડશે. વાદી કંપનીની તરફેણમાં નિષ્પાદિત કરાયેલા વેચાણ દસ્તાવેજો રદ કરવામાં આવ્યા ન હોય અને આવા વેચાણ દસ્તાવેજો સામે કોઈ પડકાર પણ પેન્ડિંગ ન હોય તેવી સ્થિતિમાં, ગંભીર પ્રશ્ન એ થશે કે શું ૨ એસાઇનીઓ કાં તો દાવાગ્રસ્ત મિલકતમાં પોતાના હકો એસાઇન કર્યા હોવાનો દાવો કરતા ૫ ભાગીદારો માટે અને તેમના વતી કાર્ય કરી રહ્યા હોય અથવા ૧૬ ભાગીદારો માટે અને તેમના વતી કાર્ય કરી રહ્યા હોય તો પણ, શું તેઓ પ્રતિવાદીઓની તરફેણમાં દાવાગ્રસ્ત મિલકતોમાં હક, ટાઇટલ અને હિત કાયદેસર રીતે ટ્રાન્સફર કરી શકે? જો વાદી કંપનીની તરફેણમાં અગાઉના વેચાણ દસ્તાવેજો અસ્તિત્વમાં છે અને આવા વેચાણ દસ્તાવેજોમાં નોંધાયા મુજબ આવી દાવાગ્રસ્ત મિલકતમાં ૧૧ ભાગીદારોના હક, ટાઇટલ અને હિત ટ્રાન્સફર કરવાનો પ્રયાસ કરે છે, તો ગંભીર પ્રશ્ન એ થશે કે શું પાછળથી, તે જ હિસ્સો અન્ય કોઈ ખરીદદારોની તરફેણમાં કોઈપણ રીતે કાયદેસર રીતે પુનઃવેચાણ કરી શકાય? આ તબક્કે, તેથી, વેચાણ દસ્તાવેજો એસાઇનીઓ દ્વારા નિષ્પાદિત થઈ શક્યા હોત કે કેમ અને મૂળ માલિકો દ્વારા નહીં અને શું એસાઇનમેન્ટ માત્ર ૫ ભાગીદારો કે ૧૬ ભાગીદારો દ્વારા મંજૂર અથવા એન્ડોર્સ કરવામાં આવ્યું છે તે પ્રશ્નમાં ગયા વિના પણ, મારા પ્રથમ દર્શનીય અભિપ્રાયમાં, સિવિલ સુટમાં આક્ષેપિત વેચાણ દસ્તાવેજો

હેઠળ સમગ્ર દાવાગ્રસ્ત જમીનોના ટ્રાન્સફરની કાયદેસરતાનો ગંભીર પ્રશ્ન ઉપસ્થિત થશે. પ્રથમ દર્શનીય રીતે, એક સંપૂર્ણપણે ન્યાયસંગત વ્યુ એ હોઈ શકે કે ૧૬ માંથી ૧૧ ભાગીદારોએ દાવાગ્રસ્ત મિલકતમાંનો પોતાનો હિસ્સો અગાઉથી વેચી દીધો હોવાથી, તેવો હિસ્સો ઓછામાં ઓછો કાં તો તેમના દ્વારા અથવા તેમના એસાઈનીઓ દ્વારા કોઈપણ રીતે પુનઃવેચાણ કરી શકાયો ન હોત.

૬. સમયમર્યાદાનો પ્રશ્ન ટ્રાયલ વખતે વિચારી શકાય છે. વાદીના જણાવ્યા મુજબ, દાવામાં નિવેદન કર્યા અનુસાર, વેચાણ દસ્તાવેજોનું અસ્તિત્વ તેમના ધ્યાનમાં ત્યારે જ આવ્યું જ્યારે હાલના પ્રતિવાદીઓએ સિવિલ સુટ નં. ૪૭/૨૦૧૧ માં તેમનો લેખિત જવાબ રજૂ કર્યો. અપીલકર્તાઓ માટેના કૌન્સેલ દ્વારા સંદર્ભિત રજિસ્ટર્ડ દસ્તાવેજના માનિત જ્ઞાનનો પ્રશ્ન તાજેતરમાં મારી સમક્ષ વિચારણા માટે આવ્યો હતો. સુપ્રીમ કોર્ટના સદર નિર્ણયનો સંદર્ભ આપતા, દિલબૂ વિરૂદ્ધ ધનરાજી ના કેસમાં અને ૨૦૧૩ (૧) જીએલઆર ૩૯૮ માં રિપોર્ટ થયેલા બેચરભાઈ ઝવેરભાઈ પટેલ અને અન્ય વિરૂદ્ધ જશભાઈ શિવાભાઈ પટેલ અને અન્ય ના કેસમાં આ કોર્ટના વિદ્વાન સિંગલ જજના ચૂકાદાનો સંદર્ભ આપતા, આ સંદર્ભમાં, નીચે મુજબના અવલોકનો કરવામાં આવ્યા હતા:-

> "૧૩. ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટી એક્ટની કલમ ૩ ના સદર ભાગની સમીક્ષા કરતા, એ જોઈ શકાય છે કે વ્યક્તિને કોઈ હકીકતનું જ્ઞાન

કાં તો ત્યારે આભારી ગણાય છે જ્યારે તે વાસ્તવમાં તે હકીકત જાણતો હોય, અથવા જ્યારે, તપાસ કે શોધબિનમાંથી સ્વેચ્છાએ અલગ રહેવા સિવાય, તેણે તે કરવું જોઈતું હતું, અથવા ગંભીર બેદરકારીના કારણે, તેને તેની જાણ થઈ હોત. સદર ક્લોઝના ખુલાસા–I માં અન્ય બાબતોની સાથે જોગવાઈ છે કે જ્યાં સ્થાવર મિલકત સંબંધિત કોઈપણ વ્યવહાર કાયદા દ્વારા રજિસ્ટર્ડ સાધન દ્વારા થવો જરૂરી હોય અને તેમ કરવામાં આવ્યો હોય, તો આવી મિલકત કે તેનો કોઈ ભાગ, અથવા તેમાં હિસ્સો કે હિત પ્રાપ્ત કરનાર કોઈપણ વ્યક્તિ સદર સાધનની રજિસ્ટ્રેશનની તારીખથી સદર સાધનની નોટિસ મેળવી હોવાનું માનવામાં આવશે. આ સદર ખુલાસામાં સમાવિષ્ટ જોગવાઈઓમાં પૂરી પાડવામાં આવેલી શરતોને આધીન છે.

ખુલાસો–૧ આમ માનિત નોટિસનો સંદર્ભ આપે છે અને સ્થાવર મિલકતના વ્યવહાર સંબંધિત સાધનની નોટિસ સાથે સંબંધ ધરાવે છે જે કાયદા દ્વારા જરૂરી છે અને તેમ રજિસ્ટર્ડ પણ થયેલ છે અને આવું માનિત જ્ઞાન આવી મિલકત અથવા આવી મિલકતમાં કોઈ હિસ્સો કે હિત પ્રાપ્ત કરનાર વ્યક્તિ પર લાદવામાં આવે છે. આવી જોગવાઈ, તેથી, ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટી એક્ટની કલમ ૩ ની માત્ર શક્તિ પર અગાઉના ખરીદદાર/માલિક પર આવા વ્યવહારનું

માનિત જ્ઞાન લાદવા માટે સ્થાવર મિલકતના પશ્ચાતવર્તી વેચાણના કિસ્સામાં લાગુ કરી શકાય નહીં, સિવાય કે હકીકતો અને સાથેના સંજોગો સૂચવે છે કે પ્રશ્ન હેઠળની વ્યક્તિ વાજબી રીતે શોધખોળ કે તપાસ કરે તેવી અપેક્ષા હતી જે કરવામાં તે નિષ્ફળ ગઈ, આમ સ્વેચ્છાએ કૃત્ય, બેદરકારી અથવા યોગ્ય કાળજીનો અભાવ એટલે કે ડહાપણ દર્શાવે છે, જે વાજબી માણસ પાસેથી અપેક્ષિત છે. જોગવાઈમાં વપરાયેલી ભાષાથી સાવ વિપરીત આવું કોઈપણ અર્થઘટન, સ્થાવર મિલકતના માલિક કે ખરીદદાર પર આવી સ્થાવર મિલકત સંબંધિત પશ્ચાતવર્તી કોઈપણ રજિસ્ટર્ડ વ્યવહાર વિશે સતત જાગરૂક રહેવા અને પોતાને માહિતગાર રાખવા અથવા માનિત જ્ઞાનના સિદ્ધાંત પર રજિસ્ટ્રેશનની તારીખથી શરૂ થતા વૈધાનિક સમયગાળા પછી સમયમર્યાદાના કાયદા દ્વારા બાધિત સંપૂર્ણપણે અમાન્ય અથવા તો ફ્રોડ્યુલન્ટ કે બોગસ વેચાણ દસ્તાવેજ સામેના પોતાના પડકારના અપ્રિય પરિણામોનો સામનો કરવા માટે અયોગ્ય બોજ મૂકશે. સાદા શબ્દોમાં ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટી એક્ટની કલમ ૩ ની સદર જોગવાઈ સ્થાવર મિલકત અથવા તેમાં હિસ્સો કે હિત પ્રાપ્ત કરનાર વ્યક્તિના કિસ્સામાં લાગુ પડે છે જે એવા વ્યવહારનો છે જે અસ્તિત્વમાં હોય અને ભવિષ્યનો વ્યવહાર ન હોય જે કાયદા દ્વારા જરૂરી હોય અને ખરેખર રજિસ્ટર્ડ થયેલ હોય."

૭. આ તબક્કે તેથી જ્યારે ટ્રાન્સફર પોતે જ શંકા હેઠળ હોય અને પ્રથમ દર્શનીય શંકા સ્થાપિત થઈ હોય, ત્યારે ખરીદદારોને દાવાગ્રસ્ત જમીનોના વિકાસ સાથે ચાલુ રાખવાની મંજૂરી આપવી જેમાં મિલકતનું ટ્રાન્સફર પણ સમાવિષ્ટ હશે, તે તૃતીય પક્ષના બહુવિધ હિતો અને શક્યતઃ પશ્ચાતવર્તી બહુવિધ મુકદ્દમાઓને જન્મ આપશે."

૧૨. એવું જણાય છે કે ત્યારબાદ અનુક્રમે પ્રતિવાદી નં. ૫ થી ૭ એ સ્પેશિયલ સિવિલ સુટ નં. ૫૦/૨૦૧૪ માં આંક ૧૪૨ ની અરજી રજૂ કરી અને વાદી દ્વારા સંસ્થિત દાવો સમયમર્યાદા બહાર છે અને દાવાઅરજીમાં પ્લીડ કરાયેલું કારણ ભ્રામક કહી શકાય તેવા મુખ્ય ગ્રાઉન્ડ પર પ્લાઈન્ટ રદ કરવા માટે વિનંતી કરી.

૧૩. નીચલી અદાલતે આંક ૧૪૨ ની અરજીનો ન્યાયનિર્ણય કર્યો અને આક્ષેપિત ચૂકાદા અને હુકમ દ્વારા તેને એવા ગ્રાઉન્ડ પર મંજૂર કરીને પ્લાઈન્ટ રદ કરી કે તે કોઈ કારણ દર્શાવવામાં નિષ્ફળ જાય છે અને લિમિટેશન એક્ટના આર્ટિકલ ૫૮ હેઠળ નિર્ધારિત મર્યાદાના સમયગાળાને ધ્યાનમાં લેતા દાવો સમયમર્યાદા બહાર છે.

૧૪. પ્લાઈન્ટ રદ કરતો નીચલી અદાલત દ્વારા પસાર કરાયેલ આક્ષેપિત ચૂકાદા અને હુકમથી અસંતોષી થઈને, વાદી હાલની અપીલ સાથે આ કોર્ટ સમક્ષ અહીં ઉપસ્થિત છે.

૧૫. આપણે સૌ પ્રથમ કારણ સંબંધિત પ્લાઈન્ટમાંના પ્લીડિંગ્સના કેટલાક ભાગને જોવો જોઈએ:

> "(૨૦) સ્થિતિ/હકીકતો ઉપર મુજબ છે/હતી તેમ છતાં, મુકેશ રમણલાલ નાયક અને પ્રદીપ રમણલાલ નાયકે સદર ભાગીદારી પેઢીની સમગ્ર મિલકતો/મિલકતોના સંદર્ભમાં આ દાવાના પ્રતિવાદીઓની તરફેણમાં ગેરકાયદેસર અને અનાધિકૃત રીતે અનેસ્થાપિત કાયદાકીય સિદ્ધાંતોથી વિપરીત અને નામદાર ગુજરાત હાઈકોર્ટ/નામદાર સુપ્રીમ કોર્ટના હુકમોને અવગણીને રજિસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લીધો હતો, જોકે તેઓને રજિસ્ટર્ડ ભાગીદારી પેઢી એટલે કે મેસર્સ નાટરાજ થિયેટર્સ સાથે કોઈ સીધો કે અપ્રત્યક્ષ કાયદેસરનો હક કે હિત ન હતું અને મુકેશ રમણલાલ નાયક અને પ્રદીપ રમણલાલ નાયકે રેગ્યુલર સિવિલ સુટ નં. ૪૭/૨૦૧૧ ની બાબતમાં તે અંગેની હકીકતો જાહેર કરી હતી. તેથી, ઉપર જણાવેલ બંને વ્યક્તિઓના કૃત્યો કાયદેસર,

અનાધિકૃત અને શુદ્ધબુદ્ધિપૂર્વકના ન હતા અને કાયદાકીય બાબતો નામદાર ગુજરાત હાઇકોર્ટ સમક્ષ પેન્ડિંગ હોવા છતાં અને એકથી વધુ બાબતો પેન્ડિંગ હોવા છતાં, તેમણે મેસર્સ નાટરાજ થિયેટર્સ નામની ભાગીદારી પેઢીની તમામ વસ્તુઓ અને મિલકતો/સંપત્તિઓ ગેરવલ્લે મૂકી દીધી છે અને કાયદાની જોગવાઈઓથી વિપરીત તમામ બાંધકામો નષ્ટ કરી દીધા છે અને તેના દ્વારા અમે વાદીઓને આશરે સત્તર કરોડ પચાસ લાખ રૂપિયાનું ભારે કુલ નુકસાન પહોંચાડ્યું છે અને આ રીતે તમામ ગેરકાયદેસર અને અનાધિકૃત કાર્યવાહી તમામ પ્રતિવાદીઓ દ્વારા એકબીજાની મિલીભગતથી કરવામાં આવી છે/હતી.

(૨૧) ઉપરની હકીકતો અને વિગતો મુજબ, નામદાર સિવિલ જજ, નવસારીની અદાલતમાં રેગ્યુલર સિવિલ સુટ નં. ૪૭/૨૦૧૧ અને મનાઈહુકમની અરજી દાખલ કર્યા પછી, સદર દાવામાં મુકેશ રમણલાલ અને પ્રદીપ રમણલાલ દ્વારા રજૂ કરવામાં આવેલા લેખિત જવાબની હકીકતો મુજબ, અમે વાદીઓ આ દાવાના પ્રતિવાદીઓ દ્વારા કરવામાં આવેલી ઉપર મુજબની ગેરકાયદેસર અને અનાધિકૃત અને અસંવૈધાનિક હકીકતો વિશે જાણવા મળ્યું અને અમે વાદીઓએ તે અંગે રેગ્યુલર સિવિલ સુટ નં. ૪૭/૨૦૧૧ ની બાબતમાં જરૂરી સુધારા કરવા માટે ન્યાયિક

કાર્યવાહી કરી હતી, પરંતુ રેગ્યુલર સિવિલ સુટ નં. ૪૭/૨૦૧૧ ની બાબતમાં આંક ૯૦ ની અરજી નીચે પસાર કરાયેલા હુકમના કારણે, મુકેશ રમણલાલ નાયક અને પ્રદીપ રમણલાલ નાયકે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં સ્પેશિયલ સિવિલ અરજી દાખલ કરી છે અને સદર કાર્યવાહી હાલમાં પેન્ડિંગ છે તેમ છતાં, આ દાવાના પ્રતિવાદીઓને સ્થપાયેલા કાયદાકીય સિદ્ધાંતોને અવગણીને અને કાયદાકીય જોગવાઈઓનું ઉલ્લંઘન કરીને નામદાર ગુજરાત હાઈકોર્ટમાં મેસર્સ નાટરાજ થિયેટર્સ નામની ભાગીદારી પેઢીની મિલકતો/સંપત્તિઓ સંબંધિત વિવાદો ટ્રાન્સફર કરવાનો કોઈ કાયદેસર કે બંધારણીય હક કે સત્તા નથી/હતી અને તેને જોતાં, આ બંને વ્યક્તિઓના કૃત્યો શરૂઆતથી જ ગેરકાયદેસર, અનાધિકૃત અને અપ્રવર્તનીય છે/હતા. આ ઉપરાંત, જે વ્યક્તિઓ આ દાવાના પ્રતિવાદીઓ છે તે સદર ભાગીદારી પેઢીની મિલકતો/સંપત્તિઓ અંગેના સો–કોલ્ડ રજિસ્ટર્ડ વેચાણ દસ્તાવેજોના ખરીદદારો છે તેમણે ગેરકાયદેસર રીતે અને કોઈ હક વિના અને કાયદાની જોગવાઈઓથી વિપરીત અને સ્થાનિક સત્તામંડળોના નિયમોથી વિપરીત જઈને મેસર્સ નાટરાજ થિયેટર્સ ભાગીદારી પેઢીના તમામ બાંધકામો તોડી પાડ્યા છે અને તેની સ્પષ્ટ જાહેરાત મુકેશ રમણલાલ અને અન્ય લોકો દ્વારા રેગ્યુલર સિવિલ સુટ નં. ૪૭/૨૦૧૧ ના લેખિત જવાબમાં કરવામાં આવી

છે. તદુપરાંત, આ દાવાના પ્રતિવાદીઓએ ગેરકાયદેસર રીતે અને અપ્રવર્તનીય રીતે અને અનાધિકૃત વ્યવહાર દ્વારા અને તેના બહાના હેઠળ ભાગીદારી પેઢીની તમામ મિલકતો/બાંધકામો તોડી પાડ્યા છે અને હાલમાં, તેઓ ભાગીદારી પેઢીની મિલકત/જમીન પર નવા વિરાટ બાંધકામો કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. વાસ્તવમાં, મેસર્સ નાટરાજ થિયેટર્સ ભાગીદારી પેઢી સંબંધિત બાંધકામો અને સંપત્તિઓ ખૂબ જ વિરાટ હતી અને સદર બાંધકામોની વાજબી અને શુદ્ધબુદ્ધિપૂર્વકની બજાર કિંમત આશરે બાર કરોડ પચાસ લાખ રૂપિયા થાય છે. તદુપરાંત, સિનેમા ચલાવવા માટેની મશીનરી અને ખુરશીઓ, એર કંડિશનર્સ અને થિયેટર સાથે જોડાયેલી અન્ય સુવિધાઓ જેવા થિયેટરના કામકાજ અને તેના સંચાલન સંબંધિત ભાગીદારી પેઢીની માલિકીની કિંમતી વસ્તુઓ અને ચીજોની બજાર કિંમત આશરે પાંચ કરોડ રૂપિયા કે તેથી વધુ થાય છે. આ તમામ વસ્તુઓ અને ચીજો થિયેટરના બાંધકામમાં સમાવિષ્ટ હતી. અને આ બધી વસ્તુઓ અને ચીજો અને થિયેટરના બાંધકામો ચાલુ સ્થિતિમાં હોવા છતાં અને રેગ્યુલર સિવિલ સુટ નં. ૪૭/૨૦૧૧ માં સિવિલ કોર્ટની સમન્સ તેઓને બજાવાઈ હોવા છતાં, આ દાવાના પ્રતિવાદીઓએ કાયદાની જોગવાઈઓને અવગણીને અને માન્ય નિયમોનો ભંગ કરીને અનાધિકૃત રીતે ગેરકાયદેસર કૃત્યો અને વ્યવહારો કર્યા છે અને

તેથી, વાદીઓ હાલનો દાવો દાખલ કરીને જરૂરી રાહત/રાહતો માટે વિનંતી કરવા મજબૂર બન્યા છે.

(૨૨) તદુપરાંત, રેગ્યુલર સિવિલ સુટ નં. ૪૭/૨૦૧૧ અમે વાદીઓ દ્વારા સંબંધિત પક્ષકારો સામે મેસર્સ નાટરાજ થિયેટર્સ નામની ભાગીદારી પેઢીની મિલકતો/સંપત્તિઓ અંગે દાખલ કરવામાં આવ્યો છે અને તેની કાર્યવાહી પેન્ડિંગ છે, પરંતુ પ્રતિવાદીઓ દ્વારા સ્થળ પર જાહેર કરાયેલી વિગતો અને ત્યારબાદની તદ્દન ગેરકાયદેસર અને અનાધિકૃત પ્રવૃત્તિઓના કારણે, આ કેસના પ્રતિવાદીઓ સામે હાલનો દાવો દાખલ કરવામાં આવ્યો છે, તેમ છતાં, જરૂરિયાત મુજબ દાવામાં ઉમેરા અને ફેરફારો કરવાના અને/અથવા પક્ષકારોને જોડવાના અમે વાદીઓના હકો અનામત રાખવામાં આવ્યા છે.

"૨૨–એ) આ કેસમાં આંક ૫ ની અરજી નીચે આપેલા ચૂકાદા મુજબ, આ કેસના પ્રતિવાદીઓ દાવાગ્રસ્ત મિલકતમાં આગળ કોઈ બાંધકામ કરવા અથવા દાવાગ્રસ્ત મિલકતનો કોઈ ભાગ કોઈ તૃતીય પક્ષને ટ્રાન્સફર કરવા માટે હકદાર ન હતા, તેમ છતાં, આ કેસના પ્રતિવાદીઓએ આ નામદાર કોર્ટના હુકમને તદ્દન

અવગણીને અને આ નામદાર કોર્ટના હુકમનો ભંગ કરીને ૨૯/૦૪/૨૦૧૫ ના રોજ સદર વિવાદાસ્પદ મિલકતનું બાંધકામ ચાલુ રાખ્યું હતું. તે અંગે વાદીઓએ ૨૯/૦૪/૨૦૧૫ ના રોજ ફોટોગ્રાફર મારફતે ફોટોગ્રાફ્સ મેળવ્યા છે. આથી, વાદીઓએ નામદાર કોર્ટના મનાઈહુકમનો અનાદર કરવા બદલ આ કેસના પ્રતિવાદીઓ સામે શિક્ષાત્મક પગલાં લેવા માટે સિવિલ પ્રોસિજર કોડના ઓર્ડર–૩૯ રૂલ–૨(એ) મુજબ ૦૨/૦૫/૨૦૧૫ ના રોજ આંક ૫૫ ની અરજી આપી છે.

આંક ૫ નીચે આ નામદાર કોર્ટ દ્વારા પસાર કરાયેલા હુકમથી નારાજ થઈને, પ્રતિવાદીઓએ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં ૦૮/૦૬/૨૦૧૫ ના રોજ અપીલ ફ્રોમ ઓર્ડર નં. ૧૬૧/૨૦૧૫ દાખલ કરી હતી અને આવી અપીલ નામદાર ગુજરાત હાઈકોર્ટના માનનીય ન્યાયમૂર્તિ શ્રી અકીલ કુરેશી દ્વારા તારીખ ૨૯/૦૬/૨૦૧૫ ના ચૂકાદાથી પ્રવેશ તબક્કે જ રદ કરવામાં આવી છે. સદર હુકમ સામે, આ કેસના પ્રતિવાદી નં. ૧ થી ૪ એ નામદાર સુપ્રીમ કોર્ટ સમક્ષ કોઈ કાર્યવાહી શરૂ કરી નથી અને મનાઈહુકમની અરજી આંક ૫ નીચે પસાર કરાયેલો હુકમ દાવાના આખરી નિકાલ સુધી કન્ફર્મ રહ્યો છે.

કોર્ટ કમિશનરની નિમણૂક માટે આંક ૫૭ દ્વારા અરજી આપવામાં આવી હતી અને તેની સુનાવણીના તબક્કે, પ્રતિવાદીઓ વતી એડવોકેટે આંક ૮૬ દ્વારા એક અરજી આપી હતી અને તેની સાથે, તેમણે યાદી આંક ૮૮ દ્વારા, દાવાગ્રસ્ત મિલકત અંગે ૦૯/૦૪/૨૦૧૫ ના રોજ સિનિયર નં. ૨૮૮૧ પર સબ રજિસ્ટ્રાર, નવસારીની ઓફિસમાં રજિસ્ટર્ડ થયેલા વેચાણ દસ્તાવેજ (માર્ક–૮૮/૩) ની નકલ અને તેની ઈન્ડેક્સ (માર્ક–૮૮/૨) અને તેની રજિસ્ટ્રેશન ફી ચૂકવણીની પહોંચની નકલ (માર્ક ૮૮/૧) રજૂ કરી હતી. પ્રતિવાદીઓએ વાદીઓની તરફેણમાં પસાર થયેલા હુકમને નિષ્ફળ બનાવવાના આખરી ગોલ સાથે સદર વેચાણ દસ્તાવેજ ઉપજાવી કાઢ્યો છે અને જાણી જોઈને તેમાં ખોટી હકીકતો દર્શાવી છે. સદર વેચાણ દસ્તાવેજમાં, રજની જીવરાજભાઈ દેસાઈ અને રાજેશ્રી ગૌતમ પટેલનો ખરીદદાર મેસર્સ આર.જે.ડી. સેન્ટર પોઈન્ટ્સ, ભાગીદારી પેઢી માટે અને તેના વતી ભાગીદારો તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. રાજેશ્રી ગૌતમ પટેલ આ દાવાના પ્રતિવાદીઓના એડવોકેટ શ્રી કે.એસ. બનાતવાલાના સગા બહેન થાય છે અને સદર વેચાણ દસ્તાવેજમાં સાક્ષીઓ તરીકે સહી કરનાર બે વ્યક્તિઓના નામ દર્શાવવામાં આવ્યા છે, જેમાંના ગૌતમભાઈ ખોડીદાસ પટેલ પ્રતિવાદીઓના એડવોકેટ શ્રી કે.એસ. બનાતવાલાના બહેનોઈ (બહેનના પતિ) થાય છે. સદર વેચાણ

દસ્તાવેજમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે વર્ષ ૨૦૧૪ માં ખરીદદારોને સદર જમીન વેચવાનું નક્કી કરવામાં આવ્યું છે અને આવી જમીનનો શાંતિપૂર્ણ, ખાલી અને પ્રત્યક્ષ કબજો મે, ૨૦૧૪ માં ખરીદદારોને સોંપવામાં આવ્યો છે અને ત્યારથી, જમીન પર તેમનો કબજો અને ભોગવટો ચાલી રહ્યો છે અને ખરીદદાર મેસર્સ આર.જે.ડી. સેન્ટર પોઈન્ટ્સ, ભાગીદારી પેઢી સદર જમીન પર બાંધકામ કરી રહી હોવાનો ખોટો દેખાવ ઉભો કરવામાં આવ્યો છે અને વેચાણ દસ્તાવેજમાં એવી રીતે વર્ણન કરવામાં આવ્યું છે કે ખુલ્લી જમીન વેચવામાં આવી છે અને ૦૯/૦૪/૨૦૧૫ ના રોજ સદર જમીન પર ખૂબ મોટું બાંધકામ કરવામાં આવ્યું હતું અને તે અંગેના ફોટોગ્રાફ્સ નામદાર કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હોવા છતાં, સદર વેચાણ દસ્તાવેજ સાથે અગાઉની તારીખનો ફોટોગ્રાફ જોડીને ખુલ્લી જમીન વેચવામાં આવી હોવાનો દેખાવ ઉભો કરીને સ્ટેમ્પ ડ્યુટીની ચોરી પણ કરવામાં આવી છે. આ રીતે, સરકાર સાથે ફ્રોડ અને ચીટિંગ પણ કરવામાં આવી છે. સદર વેચાણ દસ્તાવેજના પૃષ્ઠ નં. ૧૦ પર પેરા-૧૪ માં અવેજની વિગતો દર્શાવવામાં આવી છે અને તેના અવેજની વિગતો જોતાં, તારીખ ૩૦/૦૩/૨૦૧૫ ના સો-કોલ્ડ વેચાણ દસ્તાવેજના સો-કોલ્ડ અવેજ સંબંધિત ચેક દ્વારા પ્રથમ હપ્તાની રકમ ચૂકવવામાં આવી હોવાનો દેખાવ ઉભો કરવામાં આવ્યો છે અને ત્યાર પછીની રકમ

તારીખ ૦૧/૦૪/૨૦૧૫ અને ૧૬/૦૪/૨૦૧૫ ના ચેકો દ્વારા ચૂકવવામાં આવી હોવાનું દર્શાવવામાં આવ્યું છે. સદર હકીકત અહીં વધુ સૂચક છે. તદુપરાંત, ચેકોના નંબરો અને તારીખો જોતાં પણ એવું જણાય છે કે પ્રતિવાદીઓ અને ખરીદદારોએ એકબીજાની મિલીભગતથી ખોટા પુરાવા ઉપજાવી કાઢ્યા છે. જો અવેજના નાણાં બાકી હોય તો કોઈ પણ વ્યક્તિ એક્ઝિક્યુટ કરીને વેચાણ દસ્તાવેજ રજિસ્ટર્ડ કરાવશે નહીં. સો–કોલ્ડ વેચાણ દસ્તાવેજમાં સો–કોલ્ડ આખરી અવેજના હપ્તાની રકમ પેટે રૂ. ૨૫,૦૦,૦૦૦/– નો દરેક એવા તારીખ ૧૬/૦૪/૨૦૧૫ ના બે ચેકો દર્શાવવામાં આવ્યા છે. આ રીતે, આવા ચેકો ક્લિયર થવાનો અથવા વેચનાર દ્વારા તેની ચુકવણી મેળવવાનો પ્રશ્ન જ ઊભો થતો નથી. આ રીતે, પૂરો અવેજ મળે તે પહેલાં, ૦૯/૦૪/૨૦૧૫ ના રોજ વેચાણ દસ્તાવેજ રજિસ્ટર્ડ થયો છે તે એવી હકીકત છે જે કોઈપણ સંજોગોમાં માની શકાય નહીં. સદર સમયગાળા દરમિયાન, આંક ૫ ની મનાઈહુકમની અરજીની સુનાવણી પૂર્ણ થઈ ગઈ હતી અને તેના ચૂકાદાની રાહ જોવાઈ રહી હતી અને આ રીતે, ચૂકાદો સંભળાવવામાં આવે તે પહેલાં, વેચાણ માટે કોઈ જાહેર નોટિસ પ્રસિદ્ધ કર્યા વિના આંક ૫ ની મનાઈહુકમ અરજી નીચે જે પણ હુકમ પસાર થવાનો હોય તેને નિષ્ફળ બનાવવાના હેતુથી જ ૦૯/૦૪/૨૦૧૫ ના રોજ દાવાગ્રસ્ત

મિલકતનો વેચાણ દસ્તાવેજ ગેરકાયદેસર રીતે ઉપજાવી કાઢવામાં આવ્યો છે અને એડવોકેટ શ્રી કીર્તિ એસ. બનાતવાલા પ્રતિવાદીઓ માટે અને તેમના વતી કેસમાં ઉપસ્થિત રહ્યા હોવા છતાં અને આ કેસના પ્રતિવાદીઓ દ્વારા ખરીદદારોમાંથી રાજેશ્રી ગૌતમ પટેલના પતિને માર્ક–૬૪/૧ દ્વારા દાવાગ્રસ્ત મિલકતના મુકદ્દમા અંગે પાવર ઓફ એટોર્ની આપવામાં આવ્યો હોવા છતાં, સદર વેચાણ દસ્તાવેજમાં દાવાનો ઉલ્લેખ કર્યા વિના જે વેચાણ દસ્તાવેજ નિષ્પાદિત કરવામાં આવ્યો છે તે શરૂઆતથી જ નકામો અને ગેરકાયદેસર અને અપ્રવર્તનીય છે અને પ્રતિવાદીઓની મિલીભગતથી ઉપજાવી કાઢવામા આવ્યો છે. કે તે વેચાણ દસ્તાવેજમાં દર્શાવ્યા મુજબના ચેકોની રકમની આપ–લે કરવામાં આવી નથી. સદર વેચાણ દસ્તાવેજમાં એવો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી કે વેચનાર અને ખરીદદારો ઈનકમ–ટેક્સ કરદાતાઓ છે અને તેમના પરમેનન્ટ એકાઉન્ટ નંબરો પણ દર્શાવવામાં આવ્યા છે અને કાયદા મુજબ તેના કેપિટલ ગેઈન ટેક્સ ચૂકવવો ફરજિયાત છે અને પ્રશ્ન હેઠળની જમીન પર જે પણ બાંધકામ કરવામાં આવી રહ્યું છે તેના હિસાબી ચોપડા રાખવા પણ ફરજિયાત છે અને બાંધકામ સામગ્રી, મજૂરોના મજૂરી ખર્ચ વગેરેના બિલ અને હિસાબો રાખવા પણ ફરજિયાત છે, પરંતુ આ દાવાના પ્રતિવાદીઓએ નામદાર કોર્ટમાં માત્ર વેચાણ દસ્તાવેજ, ઈન્ડેક્સ

અને રજિસ્ટ્રેશન પહોંચની નકલ રજૂ કરી છે અને આમ કરીને, તેમણે નામદાર કોર્ટ સમક્ષ અગત્યના અને મહત્વના દસ્તાવેજો છુપાવ્યા છે અને તેમ કરવા પાછળ પ્રતિવાદીઓનો ઈરાદો દાનતખોરીનો છે અને એવો દેખાવ ઉભો કરવામાં આવ્યો છે કે દાવાગ્રસ્ત જમીન પરનું બાંધકામ મેસર્સ આર.જે.ડી. સેન્ટર પોઈન્ટ્સ ભાગીદારી પેઢી દ્વારા કરવામાં આવી રહ્યું છે અને તેની પાછળનું કારણ સી.પી.સી. ના ઓર્ડર–૩૯ રૂલ–૨(એ) હેઠળ આ કેસમાં કરવામાં આવેલી અરજીમાંથી પોતાને બચાવવાનું અને આવા દસ્તાવેજી પુરાવા ઉભા કરવાનું છે. તમામ ઉપરોક્ત સંજોગોમાં, સદર ખરીદદારો શુદ્ધબુદ્ધિપૂર્વકના ખરીદદારો નથી અને તેઓ પાસે વર્તમાન દાવો અને તેની સામે દાખલ કરવામાં આવેલી અપીલ ફ્રોમ ઓર્ડર્સ અને તેમાં સમયાંતરે પસાર કરવામાં આવેલા હુકમો વિશે શરૂઆતથી જ માહિતી હતી અને છે, તેમ છતાં, નામદાર કોર્ટની પરવાનગી મેળવ્યા વિના આ દાવો પેન્ડિંગ હોય તે દરમિયાન વેચાણ દસ્તાવેજ નિષ્પાદિત કરવામાં આવ્યો છે અને તેથી, તે લીસ પેન્ડેન્સના નિયમોથી બાધિત છે અને આ દાવામાં અને અપીલમાં જે પણ હુકમો પસાર થાય તે તેઓને બંધનકર્તા છે. આ રીતે, સદર વેચાણ દસ્તાવેજ આ દાવામાં પસાર થનારા હુકમનામાને નિષ્ફળ બનાવવાના હેતુથી નિષ્પાદિત કરવામાં આવ્યો છે અને તેથી, તે રદબાતલ અને શૂન્ય, નકામો અને

ગેરકાયદેસર અને અનાધિકૃત, અપ્રવર્તનીય અને શરૂઆતથી જ અવેજ વિનાનો છે અને પ્રતિવાદી નં. ૫ થી ૭ ને અનુસંધાને દાવાગ્રસ્ત મિલકતમાં કોઈ કબજો મળતો નથી અથવા મળ્યો હોવાનું કહી શકાય નહીં અને આવો વેચાણ દસ્તાવેજ અમે વાદીઓને બંધનકર્તા નથી. વૈકલ્પિક રીતે, અમે વાદીઓએ બુક નં. ૧ ના સિનિયર નં. ૨૮૮૧ પર સબ રજિસ્ટ્રાર, નવસારીની ઓફિસમાં રજિસ્ટર્ડ તારીખ ૦૯/૦૪/૨૦૧૫ ના વેચાણ દસ્તાવેજ રદ કરવા માટે હાલનો દાવો દાખલ કર્યો છે. આ દાવાના પ્રતિવાદી નં. ૧ થી ૪ સામે પસાર કરાયેલા હુકમો આ દાવાના પ્રતિવાદી નં. ૫ થી ૭ ને પણ બંધનકર્તા છે અને પ્રતિવાદી નં. ૫ થી ૭ તે જ અમલમાં મૂકવા માટે જવાબદાર છે. અમારા આ વિવાદને બાધ આવ્યા વિના, આવી સ્પષ્ટ સમજણ સાથે આ દાવાના પ્રતિવાદી નં. ૫ થી ૭ સામે મનાઈહુકમ મેળવવા માટે અલગથી મનાઈહુકમની અરજી આપવામાં આવી છે."

<u>દાવાનું કારણ :</u>

(૨૩) આ દાવા માટેનું કારણ મુકેશ રમણલાલ નાયક/પ્રદીપ રમણલાલ નાયક દ્વારા રેગ્યુલર સિવિલ સુટ નં. ૪૭/૨૦૧૧ ના

લેખિત જવાબમાં જાહેર કરાયેલી હકીકતો અને વિગતોના કારણે અને આ દાવાના પ્રતિવાદીઓની તરફેણમાં ગેરકાયદેસર અને અનાધિકૃત રીતે સો-કોલ્ડ વેચાણ દસ્તાવેજ નિષ્પાદિત કરવાના કારણે અને ત્યારબાદ પ્રતિવાદીઓ દ્વારા મેસર્સ નાટરાજ થિયેટર્સ ભાગીદારી પેઢીની મિલકત/જમીન પર કાયદાના સ્થાપિત સિદ્ધાંતોથી વિપરીત તદ્દન ગેરકાયદેસર અને અનાધિકૃત બાંધકામ કરવાનું શરૂ કરવાના કારણે ઉપસ્થિત થયું હતું અને આ દાવાના પ્રતિવાદીઓ દ્વારા આ રીતે આવી કાર્યવાહી કરવામાં આવી રહી છે તે બાબતને ધ્યાનમાં લેતા, આ દાવો દાખલ કરવા માટેનું કારણ ઉપસ્થિત થયું હતું અને સતત ચાલુ છે અને આ દાવો સમયમર્યાદાથી બાધિત નથી."

૧૬. આપણે પ્લાઈન્ટમાં માંગવામાં આવેલી રાહતો પણ જોવી જોઈએ:

"(૨૭) અમે વાદીઓ, તેથી, વિનંતી કરીએ છીએ કે;

(૧) અમે વાદીઓ દ્વારા પ્લાઈન્ટમાં કરવામાં આવેલી હકીકતો/રજૂઆતોને ધ્યાનમાં રાખીને અને તે મુજબ, એવું જાહેર કરવામાં આવે કે પ્રતિવાદી નં. ૧ થી ૪ દ્વારા તારીખ ૧૮/૦૯/૨૦૧૦ અને ૨૩/૦૧/૨૦૧૧ ના રોજ રજિસ્ટર્ડ વેચાણ દસ્તાવેજો નિષ્પાદિત થયા હોવાનું જણાય છે તે

શરૂઆતથી જ ગેરકાયદેસર, અનાધિકૃત, અપ્રવર્તનીય અને કાયદાના સ્થાપિત સિદ્ધાંતોથી વિપરીત અને નકામા છે અને એવું ઠરાવવામાં આવે કે પ્રતિવાદીઓને કોઈ કાયદેસર કે અનાધિકૃત માલિકીના હકો મળ્યા ન હતા અને એવું ઠરાવવામાં આવે કે સદર રજિસ્ટર્ડ વેચાણ દસ્તાવેજો નકામા, અનાધિકૃત, ગેરકાયદેસર છે અને હતા અને કાયદાની જોગવાઈઓ અનુસાર પ્રવર્તનીય ન હતા અને તે મુજબ અમે વાદીઓની તરફેણમાં અને પ્રતિવાદીઓ સામે કાયદેસરનું હુકમનામું પસાર કરવા કૃપા કરશો.

(૨) વિનંતી નં. ૧ ને અનુરૂપ મેસર્સ નાટરાજ થિયેટર્સ ભાગીદારી પેઢીની મિલકત/જમીન પર આ કેસના પ્રતિવાદીઓ કોઈ બાંધકામ કરવા અથવા ફેરફાર કરવા અથવા ઉમેરો કરવા માટે હકદાર ન હતા અને નથી તેવું ઠરાવતું અને પ્રતિવાદીઓ કોઈપણ રીતે કોઈપણ પ્રકારની કાર્યવાહી કરીને મિલકતની મૂળ સ્થિતિમાં ફેરફાર કરવા માટે હકદાર ન હતા તેવું ઠરાવતું હુકમનામું અમે વાદીઓની તરફેણમાં અને પ્રતિવાદીઓ સામે પસાર કરવા કૃપા કરશો અને વાદીઓની તરફેણમાં આવી જાહેરાત પસાર કરવામાં આવે

(૨–એ) આંક ૫ ની મનાઈહુકમની અરજી નીચે પસાર થનારા હુકમને નિષ્ફળ બનાવવાના આખરી ગોલથી નામદાર કોર્ટની પરવાનગી મેળવ્યા વિના દાવો પેન્ડિંગ હોય તે દરમિયાન ૦૯/૦૪/૨૦૧૫ ના રોજ પ્રતિવાદી નં. ૧ થી ૪ દ્વારા પ્રતિવાદી નં. ૫ થી ૭ ની તરફેણમાં નિષ્પાદિત કરવામાં આવેલ વેચાણ દસ્તાવેજ અને સદર વેચાણ દસ્તાવેજ કાયદાની ચોક્કસ જોગવાઈઓ અને જાહેર નીતિથી વિપરીત છે અને અવેજ વિનાનો, અપ્રવર્તનીય, અનાધિકૃત, નકામો અને ગેરકાયદેસર છે અને અમે વાદીઓને બંધનકર્તા નથી અને આવા વેચાણ દસ્તાવેજના આધારે પ્રતિવાદી નં. ૫ થી ૭ ને દાવાગ્રસ્ત જમીનમાં કોઈ હક કે કબજો મળતો નથી અને પ્રતિવાદીઓ સામે આવું હુકમનામું પસાર કરવા કૃપા કરશો, અથવા વૈકલ્પિક રીતે, પ્રતિવાદી નં. ૫ થી ૭ ની તરફેણમાં ૦૯/૦૪/૨૦૧૫ ના રોજ નિષ્પાદિત કરાયેલ અને સિનિયર નં. ૨૮૮૧ પર સબ રજિસ્ટ્રારની ઓફિસમાં રજિસ્ટર્ડ થયેલ વેચાણ દસ્તાવેજ રદબાતલ અને શૂન્ય છે તેવું હુકમનામું અમે વાદીઓની તરફેણમાં અને પ્રતિવાદીઓ સામે પસાર કરવા કૃપા કરશો."

(૨–બી) આ દાવામાં આંક ૫ ની મનાઈહુકમ અરજી નીચે આ નામદાર કોર્ટ દ્વારા જે પણ હુકમો પસાર કરવામાં આવ્યા છે તે આ

દાવાના પ્રતિવાદી નં. ૫ થી ૭ ને બંધનકર્તા છે તેવું હુકમનામું અમે વાદીઓની તરફેણમાં અને પ્રતિવાદી નં. ૫ થી ૭ સામે પસાર કરવા કૃપા કરશો અને વાદીઓની તરફેણમાં અને પ્રતિવાદી નં. ૫ થી ૭ સામે એવું જાહેર કરતું હુકમનામું પસાર કરવા કૃપા કરશો કે પ્રતિવાદી નં. ૫ થી ૭ દાવાગ્રસ્ત મિલકત અથવા તેનો કોઈ ભાગ અન્ય કોઈને ટ્રાન્સફર કરવા અથવા એસાઈન કરવા અથવા તેનું બુકિંગ કરવા અથવા તેનો કબજો કોઈને સોંપવા અથવા તેના પર કોઈ બોજો કે લીયન ઉભો કરવા અથવા સદર મિલકતમાં આગળ કોઈ બાંધકામ કરવા અથવા પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષ રીતે અમે વાદીઓના હકોને નિષ્ફળ બનાવતું કોઈ કૃત્ય કરવા માટે હકદાર નથી."

(૩) તદુપરાંત, રાહત નં. ૧ અને રાહત નં. ૨ ને સુસંગત રહીને, પ્રતિવાદીઓને મેસર્સ નાટરાજ થિયેટર્સ ભાગીદારી પેઢીની મિલકતમાં કોઈપણ રીતે કોઈ બાંધકામ અથવા ફેરફારો ન કરવા અથવા મિલકત કે જમીન કોઈ તૃતીય પક્ષને ટ્રાન્સફર ન કરવા અથવા આવી મિલકત કે જમીન પર કોઈ તૃતીય પક્ષ ભાડૂતના હકો ઉભા ન કરવા અથવા મિલકત કે જમીનને નુકસાન પહોંચાડતું કોઈ કૃત્ય ન કરવા અથવા મિલકત/જમીનની સ્થળ સ્થિતિમાં કોઈપણ પ્રકારનો ફેરફાર કે ઉમેરો ન કરવા માટે રોકતો કાયમી

મનાઈહુકમ અમે વાદીઓની તરફેણમાં અને પ્રતિવાદીઓ સામે આપવા કૃપા કરશો.

(૩-એ) આ કેસના પ્રતિવાદી નં. ૫ થી ૭ સામે વાદીઓની તરફેણમાં અને પ્રતિવાદી નં. ૫ થી ૭ સામે મનાઈહુકમનો હુકમ આપીને તેઓને દાવાગ્રસ્ત મિલકતમાં કોઈપણ રીતે કોઈ બાંધકામ અથવા ફેરફારો ન કરવા અથવા મિલકત કે જમીન કોઈ તૃતીય પક્ષને ટ્રાન્સફર ન કરવા અથવા આવી મિલકત કે જમીન પર કોઈ તૃતીય પક્ષ ભાડૂતના હકો ઉભા ન કરવા અથવા મિલકત કે જમીનને નુકસાન પહોંચાડતું કોઈ કૃત્ય ન કરવા અથવા મિલકત/જમીનની સ્થળ સ્થિતિમાં કોઈપણ પ્રકારનો ફેરફાર કે ઉમેરો ન કરવા માટે રોકવા.

(૪) મેસર્સ નાટરાજ થિયેટર્સ ભાગીદારી પેઢીના બાંધકામો/સંપત્તિઓ સંપૂર્ણપણે નષ્ટ કરવા અને વસ્તુઓ અને ચીજો વગૈરે ગેરવલ્લે મૂકવા બદલ અને પ્રતિવાદીઓના કાયદાથી વિપરીત આવા કૃત્યો માટે અમે વાદીઓને થયેલા નુકસાન પેટે પ્રતિવાદીઓ પાસેથી આશરે સત્તર કરોડ પચાસ લાખ રૂપિયા

વસૂલ કરવા માટે અમે વાદીઓની તરફેણમાં અને આ દાવાના પ્રતિવાદીઓ સામે જરૂરી હુકમનામું પસાર કરવા કૃપા કરશો.

(૫) આ નામદાર કોર્ટ દ્વારા અમે વાદીઓની તરફેણમાં યોગ્ય અને વ્યાજબી જણાય તેવો અન્ય કોઈ હુકમ પસાર કરવા કૃપા કરશો.

(૬) આ દાવાનો ખર્ચ અપાવવા કૃપા કરશો."

૧૭. હવે આપણે દાવો સમયમર્યાદા બહાર હોવા અંગે આંક ૧૪૨ ની અરજીમાં કરાયેલા કેટલાક કથનો પણ જોવા જોઈએ:

"(૧૪) વાદી–કંપનીનો દાવો તમામ રીતે મર્યાદાના સમયગાળા બહારનો છે. લિમિટેશન એક્ટની જોગવાઈઓ મુજબ, વાદી–કંપનીનો દાવો રદ થવા પાત્ર છે કારણ કે તે મર્યાદાના સમયગાળા બહારનો છે. વાદી–કંપનીએ સ્પષ્ટપણે જણાવાયું નથી કે દાવાઅરજીના પેરા નં. ૯ માં જેનું વર્ણન આપવામાં આવ્યું છે તે વેચાણ દસ્તાવેજો સ્થાવર મિલકતોના વેચાણ દસ્તાવેજો છે કે નહીં? નામદાર ગુજરાત હાઈકોર્ટે સ્પેશિયલ સિવિલ સુટ નં. ૧૯/૧૯૯૯ માં આંક ૫ નીચેના હુકમ સામે પેઢીના ભાગીદારો દ્વારા દાખલ કરાયેલ એ.ઓ. નં. ૪૧૩/૧૯૯૯ ની બાબતમાં

પસાર કરેલા તેના હુકમમાં સ્પષ્ટ કર્યું છે કે ઉપરોક્ત દસ્તાવેજો કાયદામાં રદબાતલ અને શૂન્ય છે અને એવું પણ ઠરાવવામાં આવ્યું છે કે વાદી–કંપની બહારની વ્યક્તિ છે અને વાદી–કંપની તેનાથી સારી રીતે માહિતગાર હતી અને છે. તદુપરાંત, સંબંધિત નામદાર કોર્ટે એવું પણ ઠરાવ્યું છે કે દાવાઅરજીના પેરા નં. ૧૦ માં દર્શાવવામાં આવેલા કરારો/દસ્તાવેજો તમામ ગેરકાયદેસર હતા અને સદર તમામ કરારો–દસ્તાવેજો ગેરકાયદેસર, અપ્રવર્તનીય અને કાયદાની જોગવાઈઓથી વિપરીત હોઈ રદ કરવામાં આવ્યા છે. ઉપરોક્ત સો–કોલ્ડ કરારો–દસ્તાવેજોના આધારે, વાદી–કંપનીએ અમે પ્રતિવાદી નં. ૭ અને ૮ સામે નામદાર સિવિલ જજ (સીનિયર ડિવિઝન), નવસારીની અદાલતમાં રેગ્યુલર સિવિલ સુટ નં. ૧૧૬/૧૯૯૮ દાખલ કર્યો હતો અને સુનાવણી પૂર્ણ થયા પછી, પુરાવા નોંધ્યા પછી અને દલીલો સાંભળ્યા પછી, નામદાર કોર્ટે સદર દાવો રદ કર્યો હતો અને વાદી–કંપની દ્વારા દાખલ કરાયેલી અપીલ પેન્ડિંગ છે, પરંતુ પેઢીનું વિસર્જન થતાં અને પેઢીની મિલકતનું વેચાણ થયું હોવાથી અને પેઢીનો વ્યવસાય લાંબા સમયથી બંધ હોવાથી અને પેઢીની મિલકતનું અસ્તિત્વ ન હોવાથી, અપીલ પણ નકામી બની ગઈ છે અને હવે મંજૂર કરવા યોગ્ય નથી. અને વાદી–કંપનીએ સો–કોલ્ડ કરારો–દસ્તાવેજોના ચોક્કસ અમલ માટે અલગ–અલગ ભાગીદારો સામે સ્પેશિયલ

સિવિલ સુટ નં. ૪૯/૧૯૯૯ થી ૫૨/૧૯૯૯ જેવા પાંચ અલગ–અલગ દાવાઓ દાખલ કર્યા હતા અને સદર પાંચ દાવાઓ રદ કરવામાં આવ્યા છે અને વાદી–કંપનીએ નામદાર ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં તેની સામે પાંચ અપીલો દાખલ કરી હતી, જેમાંથી રેગ્યુલર અપીલ નં. ૬૧/૨૦૦૫ એબેટ થઈ છે અને સામાવાળાઓ હીરાલાલ ધનસુખલાલ, સાકરલાલ ધનસુખલાલ, ધીરજલાલ ધનસુખલાલ વગેરેના અવસાનના કારણે અન્ય અપીલો પણ એબેટ થવા પાત્ર બની છે અથવા કાયદામાં એબેટ થયેલી ગણાય છે. દાવાઅરજીના પેરા નં. ૧૧ માં જણાવેલ જનરલ પાવર ઓફ એટોર્ની પણ રદ કરવામાં આવ્યો છે અને કાયદામાં પ્રવર્તનીય નથી. પાવર આપનાર મોટાભાગના મૂળ ભાગીદારો અવસાન પામ્યા છે અને વાદી–કંપની શરૂઆતથી જ તે તમામ હકીકતોથી માહિતગાર છે અને હતી, તેમ છતાં, અમે પ્રતિવાદી નં. ૭ અને ૮ ને આવા સો–કોલ્ડ વેચાણ દસ્તાવેજો, સો–કોલ્ડ કરારો–દસ્તાવેજો અથવા સો–કોલ્ડ પાવર ઓફ એટોર્ની સાથે કોઈ સંબંધ ન હતો. દાવાઅરજીના પેરા નં. ૧૩ માં જણાવેલ હકીકતોનો સંદર્ભ જવાબમાં ઉપર આપવામાં આવ્યો છે અને તેથી વધુ સ્પષ્ટતા કરવાની જરૂર નથી.

(૧૫) અમે પ્રતિવાદી નં. ૭ અને ૮ ને દાવાઅરજીના પેરા નં. ૭ માં જણાવેલ હકીકતો સાથે કોઈ સંબંધ નથી. અમે પ્રતિવાદી નં. ૭ અને ૮ ને પેઢીના ભૂતકાળ અંગે કોઈ અંગત માહિતી નથી/હતી અને તેથી, તે સાચું નથી અને અમે પ્રતિવાદીઓ દ્વારા સ્વીકારવામાં આવતું નથી.

(૧૬) અમે પ્રતિવાદી નં. ૭ અને ૮ ને દાવાઅરજીના પેરા નં. ૮ માં જણાવેલ હકીકતો સાથે કોઈ સંબંધ નથી. અમે પ્રતિવાદી નં. ૭ અને ૮ ને ભાગીદારોની અંગત બાબતો અંગે કોઈ અંગત માહિતી નથી/હતી અને તેથી, તે સાચું નથી અને અમે પ્રતિવાદીઓ દ્વારા સ્વીકારવામાં આવતું નથી.

(૧૭) અમે પ્રતિવાદી નં. ૭ અને ૮ ને દાવાઅરજીના પેરા નં. ૧૨ માં જણાવેલ તારીખ ૨૦/૦૩/૧૯૯૮ ના લખાણો અંગે કોઈ અંગત માહિતી ન હતી/છે. તે સિવાય, અમે પ્રતિવાદી નં. ૭ અને ૮ ને આ ફકરામાં જણાવેલ તારીખ ૨૦/૦૬/૧૯૯૭ ના લખાણો અંગે કોઈ અંગત માહિતી ન હતી/છે. આ અંગે જણાવેલ વિગતો સાચી નથી અને અમે પ્રતિવાદીઓ દ્વારા સ્વીકારવામાં આવતી નથી. તારીખ ૧૦/૧૦/૧૯૯૭ ના સોગંદનામાના લખાણો અંગે

અમને કોઈ અંગત માહિતી ન હતી/છે અને તે તમામ સાચા, શુદ્ધબુદ્ધિપૂર્વકના અને કાયદેસર ન હતા/છે તે સાબિત થઈ ચૂક્યું છે.

(૧૮) દાવો અગાઉના સ્પેશિયલ સિવિલ સુટ નં. ૧૯/૧૯૯૯ ના પ્લીડિંગ્સ અંગે દાવાઅરજીના પેરા નં. ૧૪ થી ૧૭ માં જણાવવામાં આવ્યું છે જે પ્લીડિંગનો ભાગ નથી અને આ બધી બાબતો અયોગ્ય, અવાજબી અને બિનજરૂરી છે અને ગેરવલ્લે મૂકેલી છે.

(૧૯) દાવાઅરજીના પેરા નં. ૧૮ માં, વાદી–કંપનીએ અમે પ્રતિવાદી નં. ૭ અને ૮ સામે દાખલ કરાયેલા અગાઉના રેગ્યુલર સિવિલ સુટ નં. ૧૧૬/૧૯૯૮ નો સંદર્ભ આપ્યો છે અને તે અંગે, અમે પ્રતિવાદી નં. ૭ અને ૮ એ આ જવાબમાં ઉપર સ્પષ્ટતા–કથન કર્યું છે અને તેથી, આગળ સ્પષ્ટતા કરવાની જરૂર નથી. સદર હકીકતો અગાઉના દાવાના પ્લીડિંગ્સ અંગે પણ જણાવવામાં આવી છે જેને પ્લીડિંગનો ભાગ કહી શકાય નહીં.

(૨૦) પ્લેઈન્ટના પેરા નંબર ૨૯ અને ૨૦ માં, અગાઉના સ્પેશિયલ સિવિલ સૂટ નંબર ૧૯/૧૯૯૯ નો ફરીથી ઉલ્લેખ

કરવામાં આવ્યો છે જે ઉપરોક્ત દવાનો ભાગ છે જેને પ્લીડીંગ કહી શકાય નહીં. વાદી-કંપનીએ ઉપરોક્ત દાવાના કામકાજમાં પક્ષકાર તરીકે જોડાવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ માનનીય અદાલતે તેને રદ્દ કર્યો હતો અને માનનીય ગુજરાત હાઇકોર્ટમાં સદરહું હુકમ વિરૂદ્ધ કોઇ રિવિઝન/અપીલ કે સિવિલ એપ્લિકેશન દાખલ કરવામાં આવી નથી અને વાદી-કંપનીના તમામ વિવાદોનો અંત આવી ગયો છે. સ્પેશિયલ સિવિલ સૂટ નંબર ૧૯/૧૯૯૯ ના કામકાજમાં ઉપસ્થિત થયેલા મુદ્દાઓનો આ પેરામાં વારંવાર ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ઉપરોક્ત દાવો નિકાલ પામેલ છે. આથી, સ્પેશિયલ સિવિલ સૂટ નંબર ૧૯/૧૯૯૯ ના કામકાજમાં જે કોઈ વચગાળાના હુકમો પસાર કરવામાં આવ્યા હોય, રિવિઝન, અપીલ વગૅરે દાખલ કરવામાં આવ્યા હોય, તે દાવાના નિકાલ સાથે પૂરા થઈ ગયા છે. તે હાલના દાવાનો ભાગ બની શકે નહીં.

(૨૧) દાવાના ફકરા નંબર ૨૧ માં જણાવેલ હકીકતો સાચી નથી અને અમારા દ્વારા સ્વીકારવામાં આવતી નથી. આ ફકરામાં દર્શાવેલ તમામ વિગતો સ્પેશિયલ સિવિલ સૂટ નંબર ૧૯/૧૯૯૯ નો વિષયવસ્તુ હતી અને તે સંબંધિત સમયે કોર્ટ દ્વારા યોગ્ય રીતે નિકાલ કરવામાં આવી હતી. વાદી–કંપનીને તેની સાથે કોઈ લેવાદેવા નથી. તે તમામ હકીકતો ગેરમાર્ગે દોરનારી અને

અનાવશ્યક છે. તે કાર્યવાહીનો એક ભાગ હતો અને તેને પ્લીડિંગ કહી શકાય નહીં.

(૨૨) તે ઉપરોક્ત સ્પેશિયલ સિવિલ સૂટ નંબર ૧૯/૧૯૯૯ નો ઈતિહાસ દાવાના ફકરા નંબર ૨૨ માં પુનરાવર્તિત કરવામાં આવ્યો છે અને કાર્યવાહીની હકીકતો ફરીથી પુનરાવર્તિત કરવામાં આવી છે. તે સિવાયની હકીકતોનો સંદર્ભ અગાઉના જવાબમાં આપવામાં આવ્યો છે અને તેથી, વધુ ખુલાસો કરવાની જરૂર નથી.

(૨૩) દાવાના ફકરા નંબર ૩ ની હકીકતો પણ સાચી નથી અને સ્વીકારવામાં આવતી નથી. વાદી નંબર ૧ ની સો–કોલ્ડ પેઢીનું અસ્તિત્વ જ નથી અને પેઢીની કોઈ જંગમ કે સ્થાવર મિલકતનું કોઈ અસ્તિત્વ નથી. પેઢીનો વ્યવસાય પણ અસ્તિત્વમાં નથી અને પેઢી વિસર્જિત થઈ ગઈ છે. મૂળ ભાગીદારો અને હયાત ભાગીદારોએ તેમના સંબંધિત હિસાબો ચૂકતે કર્યા છે. તે, તથાકથિત પેઢીની મિલકત વાસ્તવિક રીતે ભૂતપૂર્વ ભાગીદારો અથવા અમે પ્રતિવાદી નંબર ૭ અને ૮ ના કબ્જામાં નથી. વાદી–કંપનીનો દાવો કોઈ પણ પ્રકારના આધાર વગરનો અને કોઈ દાવવાના કારણ (કોઝ ઓફ એક્શન) વગરનો છે, સમયમર્યાદાના

સમયગાળા બહારનો છે અને તમામ રીતે રદ થવા પાત્ર છે. તેથી, સદરહું પેઢીની તમામ હકીકતો બનાવટી છે જે સાચી નથી અને સ્વીકારવામાં આવતી નથી.

